## -:: કામની સામાન્ય શરતો અને નિયમો::-

૧. ટેન્ડર ભરવા માટેની અગત્યની સુચનાં ના ક્રમ નંબર૩ માં દર્શાવ્યા મુજબ ના સાધનીક કાગળો સમેલ કરવાના રહેશે.

૨. સદર કામ માટે જરૂરી મટીરીયલ જેવો કે૧૧ કેવી XLPE કેબલ,જી આઈ વાયર આર્થીંગ કોઈલ, અર્થીંગ પ્લેટ, પીવીસી રીઝીડ પાઈપવગેરે જરૂરીયાત મુજબ નું મટીરીયલ કંપની તરફથી આપવામાં આવશે

૩. લાઈન કામ માટે કોન્ટ્રાકટરે પોતાના કોન્ટ્રાકટના દરેક માણસોને સેફટીના સાધનો, ટુલ્સ વગેરે સલામતીના સાધનો અચુક વાપરવાના રહેશે. જેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૪. કામ કરતા કંપનીના કોઈપણ માલને નુકશાની અથવા ચોરાઈ જશે અથવા અન્ય કોઈ મિલ્કતને નુકશાની અગર જાનહાની થશે અથવા તો કોન્ટ્રાકટરના પોતાના માણસોનું અકસ્માત ઈજા કે નુકશાન થશે તો આવા સંજોગોમાં ઉપસ્થિત થતી નુકશાની સહિતની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. કોન્ટ્રાકટરે તેના દરેક માણસનો વીમો ફરજીયાત લેવાનો રહેશે.

૫. આ કામો માટે પ.ગુ.વિ.કં.લી. ના વર્કસ એન્ડ કોન્ટ્રાકટની છાપેલી બુકના નિયમના અને શરતો કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

૬. આ કામ સમય મર્યાદામાં પુરુ કરવાનું રહેશે અને કોઈપણ સંજોગોમાં જો સ્થાનીક ઈજનેરને યોગ્ય નહી લાગે તો કામની મુદતમાં વધારો કરી આપવામાં આવશે નહી.

૮. આ કામ માટે તમામ માલસામાન સંલગ્નવિભાગીય કચેરીના સ્ટોરમાંથી કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે લઈ જવાનો રહેશે.

૯. કામ સંપુર્ણ થતા વધારાનો માલસામાન કોન્ટ્રાકટરે સંલગ્નવિભાગીય કચેરીના સ્ટોરમાં રૂબરૂ આવી જમા કરવાનો રહેશે.

૧૧. કંપની તરફથી આપવામાં આવેલ તમામ માલસામાનની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૧૨. અર્થીંગના કામ માટે કોલસો અને મીઠું નિયત પ્રમાણમાં નાખવાનું રહેશે, જે પોતાના ખર્ચે લાવવાના રહેશે.

૧૩. કામ સબ-ડીવીઝનના નિયત સુપરવાઈઝરની હાજરીમાં કરવાનું રહેશે અને તેને તેનું જુદુ સર્ટીફીકેટ આપવાનું રહેશે.

૧૪. સદર કામ માટેનું ટેન્ડર સ્વીકારવું કે રદ કરવું તનો સંપૂર્ણ હક નીચે સહી કરનારને અબાધીત છે.

૧૫) જે કોન્ટ્રાકટર પાસે પી.એફ.કોડ હશે તેને જ આ કામના ટેન્ડર આપવામાં આવશે. એટલે કે કોન્ટ્રાકટર પાસે પી.એફ.કોડ હોવો ફરજીયાત છે.

૧૬) કોન્ટ્રાકટર પાસે ઈલેકટ્રીકલ કોન્ટ્રાકટરનું લાયસન્સ હેવું ફરજીયાત છે.

૧૭) જે અરજદારોએ આ પ્રકારનું કામ સંતોષકારક પુર્ણ કરેલ હશે તેમને જ ટેન્ડર આપવામાં આવશે.

૧૮) ઉપરના કામ માટે મોરમ પુરેપુરી નાખવાની રહેશે અથવા સુચના આપવામાં આવે ત્યારે કોંક્રીટ કરવાનુ રહેશે અને તે માટે રેતી,કપચી,પાણી વગેરે કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે લાવવાના રહેશે.

૧૯) સ્ટીલ ફેબીકેશન પર એક હાથ રેડ લેડનો તથા બે હાથ એલ્યુમીનીયમ (સિલ્વર) પેઈન્ટના લગાડવાના રહેશે. એ માટે બ્રશ તથા રંગ કોન્ટ્રાકટરે પોતાના વાપરવાના રહેશે. કલર,એન્જીનીયર ઈનચાર્જ પાસે એપ્રુવ કરવાનો રહેશે.

૨૦) સદર કામ માટે જરુરી મટીરીયલ જેવોકે શેકલ,પીન તથા વાયર વગેરે કંપની તરફથી આપવામાં આવશ અને તેને થાંભલા પર ફીટ કરી,લાઈન ખેંચી,જમ્પર આપી,કામ કોન્ટ્રાકટરે સંપુર્ણ કરવાનુ રહેશે.

૨૧) આ કામ માટે જોઈતા દરેક સાંધનો ટુલ્સ કોન્ટ્રાકટરે પોતાના વાપરવાના રહેશે.

૨૨) આર.એ.બીલ માંથી રીટેન્શનમનીના ૨૦ % કાપવામાઆવશે.

૨૩ ) લાઈન ખેચવાના થાંભલા ઉભા કરવા નડતરરૂપ થતી વાડ અથવા જાડ ની ડાળી કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે નવા કામમાં કાપવાની રહેશે અને સમારકામમાં તેનો ખર્ચ આપવામાં આવશે.

૨૪ ) ગાર્ડીંગ કામ માટે ઈન્ચાર્જ ઓફીસની સુચના પ્રમાણે કામ કરવાનું રહેશે.

૨૫ ) જયારે કામ ચાલુ હોય ત્યારે ત્યાંથી ટેપીંગ લાઈનનું લાઈન કલીયરન્સ લઈને કામ ચાલુ કરવાનું રહેશે.

૨૬) અર્થીંગ માટે સરકયુલરનં પીજીવીસીએલ/એમ.ડી.સેલ/૯૭તા.૨૩.૭.૧૩ તથા પત્ર નંપીજીવીસીએલ/એકા/૭૯૩૫ તથા ૭૯૩૮તા.૨૧.૮.૧૩ નુંચુસ્તપણેપાલનકરવાનુંરહેશે.

૨૭) ઓર્ડરમાં દર્શાવેલ આઈટેમ સીવાય વધારાની આઈટમ ઉમેરવાની થશે તો તેની કિંમત બોર્ડના નિયત દરે ચૂકવવામાં આવશે.

૨૯) શેડયુઅલ 'બ' મા દર્શાવેલ સંખ્યા આશરે છે. જરૂરીયાત મુજબ નાયબ ઈજનેરની સુચના મુજબ તેમાં વધ–ઘટ થાય તે મુજબ કોન્ટ્રાકટરે કામ કરવાનું રહેશે.

૩૦) ભાવપત્રક સાથે પી.એફ.કોડ નબર તથા રજીસ્ટર્ડ ઈલેકટ્રીક કોન્ટ્રાકટરનું સર્ટીફીકેટ આપવાનું રહેશે

૩૧) કામ માટેના જરૂરી નટ તથા બોલ્ટ કંપની દવારા આપવામાં આવશે.

૩૨) કોન્ટ્રાકટરના બીલમાંથી કંપનીના નિયમ અનુસાર ૧.૫ % સેગ ગણતરીમાં લેવામાં આવશે.

૩૩) આ વર્ક ઓર્ડર મળ્યે અત્રેની કચેરીની સુચના મુજબ જરૂર જણાયે ભાવનગર પાલીતાણા વિભાગીય કચેરી પીજીવીસીએલ ના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ વિસ્તારમાં કામ કરવાનું રહેશે.

૩૪) કોન્ટ્રાકટર ઓછામાં ઓછા આઠથી દસ મજુરોની સંખ્યા સાથે ઓછામાં ઓછી બે ટુકડી સંલગ્ન પેટા વિભાગીય કચેરીમાં રાખવાની રહેશે.

૩૫) જી.એસ.ટી.રજિસ્ટ્રેશન નંબર આપવાનો રહેશેતથા બીલમાંચુકવેલ જી.એસ.ટી.ની રકમ સરકારશ્રીમાંભરપાઇ કરવાનીરહેશે

૩૬) કામ સમય મર્યાદામાં પુરૂ ન થાય તો દરરોજના ૧ % લેખે અને વધુમાં વધુ ૧૦ % લેખે વર્ક ઓર્ડરની કીમતના દંડની રકમ વસુલ કરવામાં આવશે.

૩૭) કામમાં ઉપયોગમાં નહી લેવાયેલ માલસામાન એસી., એસ.આર. કન્ડકટર, જી.આઈ. વાયર વગેરેના ટુકડાઓ આપેલ જથ્થાના ૨.૫ % ટકાથી વધારે સ્વીકારવામાં આવશે નહી.

૩૮) સદર વર્ક ઓર્ડર અંતર્ગત જો અન્ડર ગ્રાઉન્ડ કેબલના કામની જરૂરીયાત ઉભી થાય તો ઈન્ચાર્જ ઓફિસરની સુચના મુજબ અન્ડર ગ્રાઉન્ડ કેબલ માટેના ટેસ્ટીંગના દરેક સાધનો કેલીબ્રેશન સર્ટીફિકેટ સાથે રજુ કરવાના રહેશે.

૩૯) નવા પોલ ઉભા કરવાની કામગીરી માં PED (POLE ERECTION DEVICE) મશીન નો ઉપયોગ કરવો એટલે કે ટ્રેક્ટર દ્વારા પીટ નું ખોદાણ કરવાનું રહેશે.(PGVCL/PROJECT/1898 DT:02-07-22)

૪૦) CORPORATE OFFICE CIRCULAR NO: PGVCL/TECH-2/2596/ DT:20.04.22 અને PGVCL/ACCT/354/DT:20.06.22 મુજબ કોન્ટ્રકટર દ્વારા ટેકનીકલ બીડ સાથે ૬ મહિના ઉપરના બીલ માં મટીરીયલ એકાઉન્ટ તેમજ બીલ મુકવાના બાકી નથી તેવું પ્રમાણપત્ર ટેકનીકલ બીડ સાથે આપવાનું રહેશે. જો ૬ મહિના થી ઉપરના મટીરીયલ એકાઉન્ટ તેમજ બીલ મુકવાના બાકી હશે તેવા કોન્ટ્રકટરને ટેકનીકલી ડીસ-ક્વોલીફાઇડ કરવામાં આવશે.

૪૧) ફેબ્રિકેશન ૦.૫% પ્રોસેસ ચાર્જ માલસામાન માં બાદ આપવામાં આવશે. ૧ % સ્કેપ ગણવામાં આવશે. તૈયાર માલસામાન ૯૮.૫% ગણવામાં આવશે.

૪૨) ફેબ્રીકેશન કામ સમયમર્યાદા માં પૂર્ણ કરવાનું રહેશે MR/CR અને બીલ પાસીંગ માટે નવા DOP પ્રમાણે આપવામાં આવશે જે બાકી રહેતી રકમ પુરતું માર્યાદિત રહેશે અને પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

16/6/24

કાર્યપાલક ઈજનેર
પીજીવીસીએલ,પાલીતાણા વિભાગીય કચેરી
ભાવનગર

કોન્ટ્રાકટરની સહી
તથા સીક્કો

## પરિશિષ્ટ – ૨

## એચ.ટી./એલ.ટી. લાઈન / સબ સ્ટેશન નવા કામ / સમારકામ અંગે ની શરતો

1. સદર લાઈનના કામ માટે જરૂરી માલસામાન કંપની તરફથી આપવામાં આવશે
2. કોન્ટ્રકટરે તમામ માલસામાન વિભાગીય કચેરીના સ્ટોર માંથી પોતાના સ્વખર્ચે લઇ જવાનો રહેશે.
3. એડજસમેન્ટ એમ.આર. થી જે માલસમાન પેટા વિભાગીય કચેરી માંથી આપવામાં આવેલ હશે તે માલસામાન નુ વિભાગીય કચેરી સ્ટોર થી પેટા વિભાગીય કચેરી સુધી નું ભાડું કોન્ટ્રકટર ના બિલ માંથી કાપી ને વસુલ કરવામા આવશે.
4. કરેલ કામ ની લોકેશનવાઈસ ઇન્વેન્ટરી તથા માલસામન નો હિસાબ વિગેરે બિલ બનાવતી વખતે વિભાગીય કચેરી ને આપવાનો રહેશે. તેના માટે નું તમામ પેપરવર્ક સબંધિત નાયબ ઇજનેર દ્વારા કરવાનું રહેશે.
5. કામ દરમિયાન કંપની ની મિલકત ને કોઈ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રકટર ની રહેશે.
6. કામના એક સ્થળ થી બીજા સ્થળે માલસામાન અને મજુરોને ફેરવવા અંગે ની વ્યવસ્થા કોન્ટ્રકટરે કરવાની રહેશે.
7. નવા તથા જુના કામમાં વધેલ માલસામાન કોન્ટ્રકટરે પોતાનો ખર્ચે વિભાગીય કચેરીના સ્ટોર માં પરત જમા કરવવાનો રહેશે અને ત્યારબાદ જ બિલ મુકવાનું રહેશે.
8. કામગીરી નાયબ ઇજનેર / જુનીયર ઇજનેર ની સુચના મુજબ જ કરવની રહેશે.
9. કંપની દ્વારા વીજ પોલ કામગીરી કરવાની હોય તે લોકેશન થી નજીક ની જગ્યા એ ઉતારવા માં આવશે જ્યાંથી વીજ પોલ કામગીરી ની જગ્યા સુધી કોન્ટ્રકટરે પોતાના સ્વખર્ચે લઇ જવાના રહેશે.
10. ઉપરોક્ત કામગીરી માટે જરૂરી તમામ ટુલ્સ – ટેક્લ્સ કંપની તરફથી આપવામાં નહી આવે તે તમામ કોન્ટ્રકટરે પોતાનો ખર્ચે તેના માણસો ને આપવાના રહેશે.
11. કામ ની જરૂરિયાત મુજબ પેટા વિભાગીય કચેરી દ્વારા ડીટેલ વર્ક ઓડર આપવામાં આવશે જે મુજબ કોન્ટ્રકટરે કામ કરવાનું રહેશે અને કામગીરી પૂર્ણ થયા બાદ પેટા વિભાગીય કચેરી દ્વારા તેનું રનીંગ ફાયનલ બિલ બનાવવાનું રહેશે.
12. અંદાજીત કામ ના જથ્થામાં ફેરફાર થયે / વધારાની કામગીરી કરવાની જરૂર જણાયે. મંજુર થયેલ મૂળ ભાવ પ્રમાણે કામ કરી આપવાનું રહેશે.
13. કંપની ના વર્કસ અને કોન્ટ્રકટ ની તમામ શરતો આ કામ ને લાગુ પડશે.
14. જે તે પેટા વિભાગીય કચેરી માટે આપવામાં આવેલ ઓર્ડર મુજબ જે તે કચેરીમાં કામ પૂર્ણ થયેલ હોય. કામગીરી ન હોય તેવા સંજોગો માં અન્ય પેટા વિભાગીય કચેરી માં કંપની ની જરૂરિયાત મુજબ કામગીરી કરી આપવાની રહેશે.
15. ઈમરજન્સી સંજોગોમાં કોન્ટ્રાકટરે પોતાની ટિમ/ગેંગ ને અન્ય પેટા વિભાગીય કચેરીમાં કામ કરવા માટે ડાઈવર્ટ કરવાની રહેશે જે ફેરફાર કામ લેનાર કોન્ટ્રાકટર ને બંધનકર્તા રહેશે.
16. સદર કામ અંગે નો આખરી નિર્ણય નીચે સહી કરનારનો રહેશે.
17. આ કામ અંગે નું ન્યાયક્ષેત્ર વિભાગીય કચેરી રહેશે.
18. સંદર ઓર્ડર મળ્યા બાદ કોન્ટ્રકટરે કંપની ના નિયમ મુજબ બાના ની રકમ જમાં કરવાની રહેશે અને કંપની સાથે કરારનામું રૂ300./- ના સ્ટેમ્પ પર તેમજ ઇંડેનમેન્ટી બોન્ડ .300/- ના સ્ટેમ્પ પેપર ઉપર વિભાગીય કચેરી માં કરવાનો રહેશે જે થયા બાદ જ પેટા વિભાગીય કચેરી માંથી કામ અંગે નો ડીટેલ વર્ક ઓર્ડર આપવામાં આવશે.
19. જે કોન્ટ્રાકટર પાસે પોરબંદર ગ્રામ્ય વિભાગીય કચેરીના ૫૦લાખ કે તેથી વધુ ની રકમના કામ કરવાના બાકી હોય અથવા જે કોન્ટ્રાકટર પાસે ૪ (ચાર) કે તેથી વધુ વર્ક ઓર્ડર છે તેઓને નવા વર્ક ઓર્ડર આપવામાં નહીં આવે.
20. **કોન્ટ્રાકટરે દરેક પેટા વિભાગીય કચેરી દીઠ અને દરેક વર્ક ઓર્ડર દીઠ ૧૦ થી ૧૫ માણસોની ટીમ આપવાની રહેશે.**

21. કોન્ટ્રાક્ટરે દરેક પોલ ઉભા કરવા માટે પોલ ઈરેક્શન ડીવાઈઝ (PED) મશીન ના ઉપયોગ કરવાનો રહેશે. તેમજ જે જગ્યા પર આ મશીન નો ઉપયોગ કરવામાં નાં આવે ત્યાં જે તે નાયબ ઈજનેરની લેખિત મંજુરી મેળવવાની રહેશે. જે મંજુરીની નકલ બીલ સાથે જોડવાની રહેશે.

22. મેન્ટેનન્સ કામ ના બીલ સાથે મેન્ટેનન્સ થયા પહેલા તથા મેન્ટેનન્સ કર્યા પછીના ફોટોગ્રાફ્સ બીલ સાથે જોડવાના રહેશે.

23. આર.ઈ. તેમજ કેપિટલ કામ માટે નવા કરેલા કામના ફોટોગ્રાફ્સ બીલ સાથે જોડવાના રહેશે.

24. કોન્ટ્રાક્ટરે તેમના દ્વારા કરવામાં આવેલ કામના છ-માસ પહેલાના કોઈ બીલ મુકવાના બાકી નથી તેવું પોતાનું પ્રમાણ પત્ર, તેના દ્વારા મુકવામાં આવતા બીલ્સ દરેક જથ્થા સાથે જોડવાનું રહેશે

25. કોન્ટ્રાક્ટરે પોતાની પેઢી કે કંપની નું વેન્ડર રજીસ્ટ્રેશન કરાવવા નું રહેશે અને પોતાના યુનિક રજીસ્ટ્રેશન નંબર મેળવવાના રહેશે  કોન્ટ્રાક્ટરે આ યુનિક રજીસ્ટ્રેશન નંબર મેળવેલ ના હોય તેવા કોન્ટ્રાક્ટર ની તમામ બીડ ટેન્ડર ના ટેકનીકલ સ્ટેજ ડીસ્કવોલીફાઈ / રદ કરવામાં આવશે.

<u>સલામતી અંગે કોન્ટ્રકટરે અનુસરવાના ના અગત્યના નિયમો</u>

26. નવા અથવા સમારકામ વખતે જરૂરી લાઈન બંધ કરાવીને જ કામગીરી કરવાની રહેશે.

27. ઉપરોક્ત કામગીરી કરતી વખતે અનુભવી અને જરૂરી લાયકાત ધરાવતા અધિકૃત સુપરવાઈઝરને કોન્ટ્રકટરે સુપરવીઝન માટે રાખવાનો રહેશે.

28. ઉપરોક્ત ઓર્ડર મુજબ કોઈ પણ લાઈન કામગીરી કરતી વખતે સલામતી ના તમામ નિયમો નું પાલનકોન્ટ્રકટર દ્વારા કરવાનું રહેશે

29. ઉપરોક્ત ઓર્ડર મુજબ કોઈ પણ લાઈન કામગીરી કરતી વખતે જરૂરી સલામતી ના સાધનો નો ઉપયોગ કરવાનો રહેશે. જેમકે શેફટી બેલ્ટ, હેન્ડ ગ્લોઝ, હેલ્મેટ વિગેરે તેમજ કામગીરી શરુ કર્યા પહેલા લાઈન બંધ છે તેની ખાતરી કરવાની રહેશે. અને જરૂરી લાઈન બંધ કરી શોર્ટ કરી અર્થ કરી ને જ કામગીરી કરવાની રહેશે. સદર નિયમો નું ઉલ્લઘન થયે અકસ્માત થયે સંપૂર્ણ જવાબદારી જે તે કોન્ટ્રકટર ના માણસ અને કોન્ટ્રકટર ની રહેશે જેમાં પી.જી.વી.સી.એલ. ની કોઈ જવાબદારી રહેશે નહી.

30. કોન્ટ્રકટર ની બેદરકારી થી વીજ અકસ્માત થયે કોન્ટ્રકટર ને કોઈ પણ જાત ના પત્ર વ્યવહાર વગર બ્લેક લીસ્ટ કરવાની સતા પીજીવીસીએલની રહેશે.

નોંધ:- જરૂરિયાત મુજબ નટબોલ્ટ કંપની તરફથી આપવામાં આવશે અને જો કંપની તરફથી નટબોલ્ટ પુરા પાડવામાં નહી આવે તેવા સંજોગો માં કોન્ટ્રકટરે પોતાના નટબોલ્ટ વાપરીને કામ પૂરું કરી આપવાનુ રહેશે. જે માટે કંપની ના નિયમાનુસાર અલગ થી ચાર્જ આપવામાં આવશે.

ઉપરોક્ત તમામ શરતો મે વાંચેલ છે અને મને કબુલ મંજુર છે અને ઉપરોક્ત તમામ શરતો માન્ય રાખી ને હું કામગીરી કરવા તૈયાર

કોન્ટ્રાક્ટરની સહી
તથા સિક્કો.

16/6/23

EX. ENG
P.G.V.C.L.(O&M)DIV
PALITANA